## ||ॐ શ્રી સાઈરામ ||

## || ॐ શ્રી સાઈ આનંદાય નમઃ || (૩ ૬)

## આનંદસ્વરૂપ શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

ભગવાન શ્રી સત્યસાઇબાબા કહે છે-"સુખ અથવા સમાધાન (તત્કાલીન) હોય છે, પરંતુ આનંદ શાશ્વત હોય છે'. આ શાશ્વત આનંદનો મહાસાગર હોવાવાળા સ્વામી કહે છે-

'પ્રેમ એ મારું સ્વરૂપ છે. સત્ય એ મારો પ્રાણ છે. અને નિશ્ચળ (નિશ્ચલ) આનંદ એ મારો આહાર છે.

સ્વામી કહે છે – ' મારા આનંદ ખાતર મેં એક શબ્દમાં વિશ્વનું નિર્માણ કર્યું. ત્યાં સુધી, હું કોણ છું તે જાણવા માટે કોઈ જ નહોતું. તરત પર્વત ઉપર આવ્યા. નદીઓ વહેવા લાગી. પૃથ્વી અને આકાશ, મહાસાગર, સમુદ્ર પ્રદેશ અને ટાપુઓની રચના કરવામાં આવી. કયાંય કશું જ નહતું ત્યારે મારું અસ્તિત્વ સિદ્ધ કરવા માટે સૂર્ય, ચંદ્ર અને રણ અચાનક ઉત્પન્ન થયા. પછી આવ્યા સમસ્ત જીવસૃષ્ટિના આકાર-પ્રાણી, પક્ષી, બોલનારા, સાંભળનારા. મારા આદેશથી સર્વ પ્રકારની શક્તિ તેમને પ્રદાન કરવામાં આવી. માનવજાતિને પ્રથમ સ્થાન દેવામાં આવ્યું અને મારું જ્ઞાન મનુષ્યના મનમાં રાખવામાં આવ્યું.

વિના લાખો ભક્તો સ્વામીના આ વચનનો પ્રત્યક્ષ અનુભવ મેળવે છે. સ્વામી પ્રત્યક્ષ (સાક્ષાત) આનંદમૂર્તિ છે. તેમના કેવળ નામસ્મરણથી જ ભક્તોના અંતઃકરણ આનંદથી છલકાઈ જાય છે. પછી પ્રત્યક્ષ દર્શન, પાદસ્પર્શન અને સંભાષણનો લાભ મળ્યા પછી આનંદની ચરમસીમા પ્રાપ્ત થાય છે. એટલું જ નહીં પણ, સચ્ચિદાનંદ સ્વરૂપ ભગવાન બાબા જ્યારે ભક્તોને દર્શન આપે છે, ત્યારે તે દર્શનમાંથી મળેલા શાશ્વત આનંદના ફળ સ્વરૂપ ભક્તો તેમનું મન ઉચ્ચ સ્થિતિ ઉપર પહોંચ્યાનું અનુભવે છે. કાયમ શુષ્ક રહેનારું અંતઃકરણ સ્વામીની પ્રેમવર્ષામાં ભીંજાઈને નીકળ્યા પછી ભક્ત સુરક્ષિત થાય છે. ભગવાનની ઇચ્છાને શરણે જવાની પ્રક્રિયાની શરૂઆત થાય છે અને ભક્તોને પોતાને જ એવું જણાય છે કે, તેમના જીવનમાં પરિવર્તન લાવનારી શુભક્રિયા હવે શરૂ થઈ છે.

આ બધું થાય છે, તે જાણે ભગવાન શ્રીકૃષ્ણના આગમન, દર્શન, સ્પર્શન અને સંભાષણથી. ગોપીઓના જીવનમાં આનંદદાયી (આનંદપ્રદ) પરિવર્તન આવતું હતું, તદ્દન તેવું જ. આવું કેમ થાય છે તે સ્વામીના શબ્દોમાં જ જાણવું યોગ્ય રહેશે.

સ્વામી કહે છે- " મારું હૃદય હંમેશા (સદૈવ) આશીર્વાદથી આકંઠ ભરાયેલું હોય છે. મને અહંકાર નથી. મારી કોઈના પર માલિકી નથી. આ જ મારું સત્ય છે. હું હંમેશા આનંદ, આનંદ અને આનંદમાં જ હોઉં છું. "

|| ૐ શ્રી સત્યસાઈનાથાર્પણમસ્તુ ||